RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 320* Date: 17.09.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# અમે ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માંગીએ છીએ : મોદી

**શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનમાં મોદીએ દેશનું વિકાસ મોડલ રજુ કર્યું**
**કોરોનાના કારણે સપ્લાય ચેન પર અસર પડી.**
**અમે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના પક્ષમાં છીએ.**
**ભારતમાં ટેક્નોલોજી પર પૂરેપૂરું જોર છે.**



સમરકંદ,તા.૧૬

ઉઝ્બેકિસ્તાનના સમરકંદમાં આયોજિત શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનને આજે પીએમ મોદીએ આજે સંબોધિત કર્યું. તેમણે આ દરમિયાન ખાદ્ય સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો. પીએમ મોદીએ કહ્યું કે એસસીઓ દેશોએ સૈંજ્ઞીંજ ઉગાડવું જોઈએ. આ એક એવું સુપરફૂડ છે જે દુનિયામાં છવાયેલા ખાદ્ય સંકટને દૂર કરી શકે છે. પીએમ મોદીએ કહ્યું કે દુનિયા કોવિડ-૧૯ મહામારી પર કાબૂ મેળવી રહી છે. કોવિડ અને યુક્રેન સંકટના કારણે વૈશ્વિક આપૂર્તિ શ્રૃંખલામાં અનેક વિઘ્નો આવ્યા. અમે ભારતને એક મેન્યુફેક્ચરિંગ હબમાં ફેરવવા માંગીએ છીએ.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે શાંઘાઈ સહયોગ સંગઠનથી વિશ્વાસનો માહોલ પેદા થશે. અમે પરસ્પર સહયોગ બનાવવા માંગીએ છીએ. ભારત મેડિકલ ટુરિઝમનું હબ બની રહ્યું છે. ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની કોશિશ છે. કોરોનાના કારણે સપ્લાય ચેન પર અસર પડી. અમે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના પક્ષમાં છીએ. ભારતમાં ટેક્નોલોજી પર પૂરેપૂરું જોર છે.

પીએમ મોદીએ કહ્યું કે અમે જન કેન્દ્રીત વિકાસ મોડલ પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છીએ. અમે દરેક ક્ષેત્રમાં ઈનોવેશનનું સમર્થન કરી રહ્યા છીએ. આજે આપણા દેશમાં ૭૦,૦૦૦થી વધુ સ્ટાર્ટ અપ અને ૧૦૦થી વધુ યુનિકોર્ન છે. આ વર્ષે ભારતની અર્થવ્યવસ્થા ૭.૫ ટકાના દરે વધવાની આશા છે. મને ખુશી છે કે અમારી અર્થવ્યવસ્થા દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં ઝડપથી તેજીથી વધતી અર્થવ્સ્થાઓમાંથી એક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે એપ્રિલ ૨૦૨૨માં WHO એ ગુજરાતમાં પોતાના ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનું ઉદ્ધાટન કર્યું. ડબ્લ્યુએચઓ દ્વારા પરંપરાગત ઉપચાર માટે આ પહેલું અને એકમાત્ર વૈશ્વિક કેન્દ્ર હતું. ભારત પરંપરાગત દવાઓ પર એક નવા એસસીઓ વર્કિંગ ગ્રુપ માટે પહેલ કરશે.

આ બેઠકમાં એસસીઓમાં સુધારા અને વિસ્તરણ, પ્રાદેશિક સુરક્ષા, સહયોગ, કનેક્ટિવિટીને મજબૂત બનાવવું અને વેપારને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા થઈ હતી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું- ભારત એસસીઓ સભ્યો વચ્ચે વધુ સહયોગ અને વિશ્વાસનું સમર્થન કરે છે. મોદીએ સંબોધન કરતા કહ્યું હતુ કે વિશ્વ કોવિડ મહામારીમાંથી બહાર આવી રહ્યું છે.

યુક્રેન કટોકટી અને કોરોનાને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં કેટલીક મુશ્કેલીઓ પડી છે. વિશ્વ ઉર્જા અને ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યું છે. એસસીઓ દેશો વચ્ચે સપ્લાય ચેન વિકસાવવાના પ્રયાસો કરવા જોઈએ. તેને વધુ સારી કનેક્ટિવિટીની જરૂર છે.મોદીએ કહ્યું- આ વર્ષે ભારતની અર્થવ્યવસ્થામાં ૭.૫ ટકાના દરે વૃદ્ધિની આશા છે. મને ખુશી છે કે ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે.

મોદીએ કહ્યું- આ વર્ષે ભારતની અર્થવ્યવસ્થામાં ૭.૫ ટકાના દરે વૃદ્ધિની આશા છે. મને ખુશી છે કે ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે.

અમે ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માંગીએ છીએ. ભારતના યુવાનો અને કાર્યબળ તેને કુદરતી રીતે સ્પર્ધાત્મક બનાવે છે. અર્થતંત્ર ૭.૫%ના દરે વૃદ્ધિ પામે તેવી અપેક્ષા છે, જે વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધુ છે. ટેકનોલોજીના યોગ્ય ઉપયોગ પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અમે ઈનોવેશનનું સમર્થન કરી રહ્યા છીએ. ભારતમાં ૭૦ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ છે, જેમાંથી ૧૦૦થી વધુ યુનિકોર્ન છે. અમે નવા સ્પેશિયલ વર્કિંગ ગ્રુપની સ્થાપના કરીને એસસીઓ સભ્યો સાથે અમારો અનુભવ શેર કરવા તૈયાર છીએ.

મોદીએ એસસીઓ સમિટમાં કહ્યું, વિશ્વ ઘણા પડકારોનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં એસસીઓની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે.

એસસીઓ વૈશ્વિક અર્થતંત્રમાં ૩૦ ટકા યોગદાન આપે છે. ૪૦ ટકા વસ્તી પણ એસસીઓ દેશોમાં રહે છે. ભારત એસસીઓ દેશો વચ્ચે વધુ સહકાર અને પરસ્પર વિશ્વાસનું સમર્થન કરે છે.

વિશ્વ આજે અન્ય એક મોટો પડકારનો સામનો કરી રહ્યું છે જે તેના નાગરિકો માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. તેનો ઉકેલ મિલેટ્સની ખેતીને પ્રોત્સાહન આપવું તે છે.

તે હજારો વર્ષોથી વિશ્વના ઘણા ભાગોમાં ઉગાડવામાં આવે છે. આ ખોરાકનો શ્રેષ્ઠ સ્રોત છે. ૨૦૨૩ને ઈયર ઓફ મિલેટ્સ તરીકે મનાવવામાં આવશે.

## ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધી 'સેવા પખવાડિયા' અંતર્ગત શહેર ભાજપ યોજશે વિવિધ કાર્યક્રમ

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપ અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટની આગેવાનીમાં શહેર ભાજપ દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન ૧૭ સપ્ટેમ્બરથી મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ ઓક્ટોબર સુધી સેવા પખવાડિયા અંતર્ગત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વ અને કાર્યોની પ્રદર્શની, તેમના પર પુસ્તકોનો સ્ટોલ, રક્તદાન કેમ્પ, મહારુદ્ર યજ્ઞ, આયુષ્કામ યજ્ઞ, નમો કિસાન પંચાયત, ફ્રુટ વિતરણ, દિવ્યાંગ બાળકોને ભોજન, હિમોગ્લોબીન ચેક અપ કેમ્પ, નારી શક્તિ વંદના, સામુહિક ખાદી ખરીદી, સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેની માહિતી આ સાથે જોડેલ છે.

## જેલમાં હવે જાળી વચ્ચે નહિ, સીધા પોતાના પરિવારજનોને કેદીઓ મળી શકશે

લુધિયાણા,તા.૧૬

પંજાબના જેલ મંત્રી હરજોત સિંહ બેન્સે તાજપુર રોડ સ્થિત સેન્ટ્રલ જેલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન કેદીઓની તેમના પરિવાર સાથે સીધી મુલાકાત વિશે બોલતા તેમણે કહ્યુ કે પંજાબ સરકાર માટે આ એક ઐતિહાસિક પગલુ છે. તેમણે કહ્યુ કે આનાથી કેદીઓને પહેલીવાર તેમના પરિવારજનોને સીધા મળવાની તક મળશે. અગાઉ પરિવારના સભ્યો જાળી દ્વારા કેદીઓની મુલાકાત લઈ શકતા હતા.

જેલ મંત્રી હરજોત બેન્સે જણાવ્યુ હતુ કે કોઈપણ કેદીના પરિવારના ૫ સભ્યો તેની સાથે એક કલાક વિતાવી શકશે અને કેદી તેના પરિવાર સાથે બેસીને ભોજન પણ કરી શકશે. તેમણે કહ્યુ કે જેલમાં બંધ મોટા ગુંડાઓ અને ગુનેગારોને આ સુવિધા ઉપલબ્ધ નથી. આ સાથે જેલ વિભાગમાં ખરાબ રેકોર્ડ ધરાવતા કેદીને આ સુવિધા આપવામાં આવશે નહિ. આ મુલાકાત માટે કેદી અથવા તેનો પરિવાર ઑનલાઈન બુકિંગ કરાવી શકે છે.

જેલ મંત્રીએ જણાવ્યુ કે આજે ૧૫ પરિવારો સીધા મળી રહ્યા છે અને પંજાબની ૨૩ જેલોમાં આ યોજના શરૂ કરવામાં આવી છે. પેરોલ ન મળતા કેદીઓના સંબંધીઓ પણ તેમની સાથે સીધી મુલાકાત કરી શકે છે. જેલ મંત્રીએ જણાવ્યુ હતુ કે જેલમાં ૧૪,૦૦૦ જેટલા કેદીઓ નશાના વ્યસની છે અને રાજ્યની વિવિધ યુનિવર્સિટીના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ આ કેદીઓ કેવી રીતે ડ્રગ્સના વ્યસની બન્યા છે તે માટે સર્વે કરશે.

આ દરમિયાન જેલ મંત્રી દ્વારા જેલની સામે એક પેટ્રોલ પંપનુ પણ ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યુ હતુ જ્યાં કેદીઓ કામ કરી શકશે.

પંજાબમાં રૂપનગર જિલ્લા પોલીસે ભાગેડુ ગેંગસ્ટર રાજ સિંહ ઉર્ફે રાજા બસલીની દારૂગોળા અને માદક દ્રવ્ય પાઉડર સાથે ધરપકડ કરી હતી.

આ અંગે જિલ્લા પોલીસ વડા ડૉ.સંદીપકુમાર ગર્ગે જણાવ્યુ હતુ કે, મનવિંદર વિરસિંહ, પી.પી.એસ. પોલીસ કેપ્ટન (ડિટેક્ટીવ) અને તલવિંદર સિંઘ ગિલ, પીપીએસ ભાગેડુ/ગેંગસ્ટર રાજ સિંહ ઉર્ફે રાજા બસલી પુત્ર ઓમકારની પોલીસ નાયબ કેપ્ટન (ડિટેક્ટીવ) રૂપનગરના નેતૃત્વ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. જિલ્લા પોલીસે રૂપનગર ગામ બસલી પોલીસ સ્ટેશનના રહેવાસી સિંઘ રહીશ નુરપુરબેડીની ૩૧૫ બોરની ૩ પિસ્તોલ અને ૫૨ ગ્રામ નશીલા પાવડર સાથે હત્યા/ અપહરણ/ ઝઘડાના ૯ કેસમાં ધરપકડ કરી છે. ઈન્સપેક્ટર સતનામ સિંહ ઈન્ચાર્જ સી.આઈ.એ રૂપનગર ટીમે બહાદડ ગામ આઝમપુર પાસેથી ઉક્ત આરોપીને ૩ પિસ્તોલ ૩૧૫ બોર સાથે ૩ જીવતા કારતુસ ૩૧૫ બોર અને ૫૨ ગ્રામ નશીલા પાવડર સાથે પકડી પાડી આરોપી સામે નુરપુરબેડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો. તેમણે કહ્યુ કે પૂછપરછ દરમિયાન જાણવા મળ્યુ કે આરોપી વિરુદ્ધ નુરપુરબેડી અને ઉના વગેરેમાં લગભગ ૯ કેસ નોંધાયેલા છે જેમાં તે ભાગેડુ હતો.

## કોંગ્રેસીઓએ ભારત જોડો યાત્રા માટે શાકભાજી વિક્રેતાઓ પાસેથી ૨-૨ હજાર માંગ્યા

કોલ્લમ,તા.૧૬

કોંગ્રેસની ભારત જોડો યાત્રા હાલ કેરળમાં ચાલી રહી છે. દક્ષિણના રાજયોમાંથી થઈને પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વમાં આ યાત્રા ઉત્તરના રાજયોમાં પહોંચશે. જો કે આ યાત્રામાં કોંગ્રેસના કાર્યકરો અને સમર્થકોની ભીડ જોવા મળી રહી છે.

પરંતુ સાથે જ કોંગ્રેસ પર આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ મામલો કેરળમાં જ સામે આવ્યો છે. કેરળના કોલ્લમના એક શાકભાજી વિક્રેતાએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ કાર્યકર્તાઓએ ભારત જોડો યાત્રા માટે તેમની પાસેથી બળજબરીથી ૨૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી. આ મામલે કાર્યવાહી કરતા કેરળ કોંગ્રેસના અધ્યક્ષ કે સુધાકરણે પાર્ટીના ૩ કાર્યકરોને સસ્પેન્ડ કરી દીધા છે.

કેરળના કોલ્લમમાં એસ ફવાઝ નામની વ્યક્તિની શાકભાજીની દુકાન છે. તે કહે છે કે તે હંમેશની જેમ તેની દુકાને હતો. તેમણે આરોપ લગાવ્યો છે કે આ દરમિયાન કોંગ્રેસ કાર્યકર્તાઓ ત્યાં પહોંચ્યા અને ભારત જોડો યાત્રામાં આર્થિક સહયોગના નામે તેમની પાસેથી બળજબરીથી પૈસાની માંગણી કરી. આના પર તેણે ૫૦૦ રૂપિયા આપ્યા. પરંતુ કોંગ્રેસના કાર્યકરોએ ૨૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી.

શાકભાજી વેચનારનો આરોપ છે કે જ્યારે તેણે ૨૦૦૦ રૂપિયા આપવાનો ઈનકાર કર્યો ત્યારે કોંગ્રેસના કાર્યકરોએ તેની દુકાનમાં તોડફોડ કરી. તેમનું કહેવું છે કે તેમની દુકાનમાં રાખેલ વજનનું મશીન તૂટી ગયું હતું. આ સાથે દુકાનમાં રાખેલ તમામ શાકભાજી પણ ફેંકી દેવામાં આવ્યા હતા. તેણે કહ્યું છે કે કોંગ્રેસના કાર્યકરોએ પણ તેને ધમકી આપી છે. કોંગ્રેસના કેરળ એકમના વડા કે સુધાકરણે આ મામલામાં ત્રણ કાર્યકરોને સસ્પેન્ડ કરી દીધા છે અને કહ્યું છે કે આ કાર્યકરોની વિચારધારા પાર્ટીની વિચારધારાથી અલગ છે. તેમણે કહ્યું કે પાર્ટી નાનું દાન સ્વૈચ્છિક લે છે, અને અન્યોની જેમ કોર્પોરેટ સેક્ટરમાંથી મોટું દાન લેતું નથી.

## ગૌતમ અદાણી દુનિયાના બીજા નંબરના અમીર, હવે એલન મસ્ક તેમનાથી આગળ

નવીદિલ્હી,તા.૧૫

ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની વર્લ્ડના નંબર વન અમીર બનવાની યાત્રા વધુ આગળ નીકળી છે. ગૌતમ અદાણી હવે વર્લ્ડના બીજા નંબરના અમીર બન્યાં છે. ફોર્બ્સ રિયલ ટાઈમ બિલિયોનર ઈન્ડેક્સે જાહેર કરેલી દુનિયાના ટોચના ૧૦ ધનકૂબેરની યાદીમાં ગૌતમ અદાણીને બીજા નંબરનું સ્થાન આપવામાં આવ્યું છે. ગૌતમ અદાણીએ એમેઝોનના જેફ બેજોસને પછાડીને આ સ્થાન મેળવ્યું છે.ફોર્બ્સ રિયલ ટાઈમ બિલિયોનેર ઈન્ડેક્સ મુજબ અદાણીની સંપત્તિમાં આજે બપોર સુધીમાં કુલ ૫.૫ અબજ ડોલરનો વધારો થયો હતો. હવે તે ૧૫૫.૭ અબજ ડોલર સાથે વિશ્વના અબજોપતિ નંબર બે છે. દુનિયાના નંબર વન અમીર તરીકે એલન મસ્ક યથાવત છે જેમની નેટવર્થ ૨૭૩.૫ અબજ ડોલર છે. ગૌતમ અદાણી ૧૫૫.૭ અબજ ડોલર સંપત્તિ સાથે બીજા નંબરે છે.ત્રીજા નંબર એમેઝોનના સીઈઓ જેફ બેજોસ છે.રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી ૯૨.૬ અબજ ડોલર સાથે લિસ્ટમાં આઠમા નંબર પર છે.

## ગુલામ એ નબી છું અને કોઇનો ગુલામ નથી. મારું નામ આઝાદ છે. હું આઝાદ છું,

**આતંકી સંગઠને ટીઆરએફ તરફથી સોશિયલ મીડિયા પર એક ધમકી ભરેલું પોસ્ટર જારી કરવામાં આવ્યું છે**

નવીદિલ્હી,તા.૧૬

કોંગ્રેસ છોડીને જમ્મુ કાશ્મીરના રાજકારણમાં પોતાની નવી શરૂઆત કરનારા વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે અનંતનાગમાં રેલીને સંબોધિત કરી. આ દરમિયાન આઝાદે કહ્યું કે, મને આતંકીઓએ ધમકી આપી છે. તેમણ આતંકી સંગઠન લશ્કર એ તોઈબા સાથે જોડાયેલા સમૂહ ધ રેઝિસ્સટન્સ ફ્રંટના આરોપોને આધાર ગણાવતા કહ્યું કે, હું જીવનમાં ક્યારે પણ અજીત ડોભાલને નથી મળ્યો. હું ગુલામ એ નબી છું અને કોઈનો ગુલામ નથી. મારું નામ આઝાદ છે. હું આઝાદ છું, કોઈનો ગુલામ નથી.આતંકી સંગઠને ટીઆરએફ તરફથી સોશિયલ મીડિયા પર એક ધમકી ભરેલું પોસ્ટર જારી કરવામાં આવ્યું છે. જેમાં કહેવાયું છે કે, ગુલામ નબી આઝાદના જમ્મૂ કાશ્મીરના રાજકારણમાં એન્ટ્રી અચાનક નથી થઈ. આ એક સમજી વિચારીને કરેલી રણનીતિનો હિસ્સો છે, જેનાથી તેમણે પોતાની જૂની રાજકીય પાર્ટીમાં રહેતા નક્કી કર્યું.પોસ્ટરમાં આરોપ લગાવાયો છે કે, ગુલામ નબી આઝાદની ગૃહમંત્રી અમિત શાહ સાથે બંધ દરવાજે મુલાકાત થઈ છે. સૂત્રો અનુસાર, તેમણે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે પણ મીટીંગ કરી છે. ભારતીય જનતા પાર્ટી પોતાના રાજકીય એજન્ડા માટે વિસ્થાપિત કાશ્મીરી પંડિતોનો ઉપયોગ કરી ચૂકી છે.કોંગ્રેસમાંથી ગયા મહિને રાજીનામું આપી ચૂકેલા ગુલામ નબી આઝાદ જલ્દીથી પોતાની નવી પાર્ટીનું એલાન કરવા જઇ રહ્યા છે. તેમણે હાલમાં જ નિવેદન આપ્યું કે, તેઓ ભાજપ સરકારની નીતિઓનો વિરોધ કરે છે, તેમને ભારતીય જનતા પાર્ટીના 'વફાદાર સૈનિક'નું નામ આપવામાં આવ્યું છે.હાલમાં જ આઝાદે નવી પાર્ટી બનાવવાનું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે, હાલ તેમની પાર્ટી જમ્મૂ કાશ્મીરના રાજકારણ પર ફોકસ કરશે. તેમણે હાલમાં જ બારામુલાથી પોતાના મિશન કાશ્મીરની શરૂઆત કરી દીધી હતી. આ રેલીમાં તેમણે સેક્શન – ૩૭૦ને લઈને પણ એક મોટી વાત કરી હતી. આઝાદે કહ્યું હતું કે, મારા પર આરોપ લાગે છે કે, હું વિપક્ષનો નેતા હોવાથી સેક્શન – ૩૭૦ને ફરીથી લાગૂ નહીં કરાવી શકું, મારી પાસે સંસદમાં સંખ્યાબળ ક્યાંથી આવશે? હું રાજકીય લાભ માટે લોકોને બેવકૂફ નથી બનાવતો, હું ક્યારેય પણ એ વાતનો દાવો નથી કરતો જે મારાથી સંભવ ન હોય.

## અખિલ ભારતીય અખાડા પરિષદના મહંતના મોતનું રહસ્ય વધુ ઘેરાયુ : રૂમમાંથી ૫૦ કિલો સોનુ મળ્યું

નવીદિલ્હી,તા.૧૬

અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ મહંત નરેન્દ્ર ગિરીના મૃત્યુના લગભગ એક વર્ષ પછી સીબીઆઇએ ગુરૂવારે તે રૂમ ખોલ્યો જયાંથી નરેન્દ્રગિરીનો મૃતદેહ મળ્યો હતો. આ રૂમમાંથી ૩ કરોડ રૂપિયા રોકડા અને ૫૦ કિલો સોનું અને હનુમાનજીનો સોનાનો મુગટ મળી આવ્યો છે. આ ઉપરાંત કરોડોની સંપત્તિના રજિસ્ટ્રી પેપર અને ૯ ક્વિન્ટલ દેશી ઘી પણ મળી આવ્યુ છે.મહંત નરેન્દ્ર ગિરીનું મૃત્યુ કેવી રીતે થયું, તે હજુ સુધી બહાર આવ્યું નથી. ગુરૂવારે, પ્રયાગરાજના અલ્લાપુરના મઠ બાગમ્બરી ગદ્દીની સીબીઆઇની ટીમ તપાસ માટે પહોંચી હતી. જયાંથી મહંત નરેન્દ્ર ગિરીનો મૃતદેહ મળી આવ્યો હતો તે રૂમનું તાળું તોડી ટીમે તપાસ હાથ ધરી હતી.૨૦ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ મહંત નરેન્દ્ર ગિરીનો મૃતદેહ પ્રયાગરાજના અલ્લાપુરમાં બાગમ્બ્રી ગદ્દી મઠના એક રૂમમાં ફાંસીથી લટકતો મળી આવ્યો હતો. જે બાદ મામલો ગરમાતા આ કેસમાં આનંદ ગિરી, આધ્યાપ્રસાદ તિવારી અને તેમના પુત્ર સંદીપ તિવારીની ધરપકડ કરવામાં આવી હતી, જેઓ મહંત નરેન્દ્રના શિષ્ય હતા. આધ્યા તિવારી અને સંદીપ તિવારી છેલ્લા એક વર્ષથી નૈની જેલમાં બંધ છે, જયારે આનંદ ગિરીને ચિત્રકૂટ જેલમાં રાખવામાં આવ્યા છે.

આનંદ ગિરીને પરંતુ તેને જામીન મળી શક્યા નથી. આ સાથે જ ખાટકા બાદ પોલીસે મહંત નરેન્દ્ર ગીરીનો રૂમ સીલ કરી દીધો હતો. આ દરમિયાન રૂમમાંથી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી.

આ કેસમાં બાગંબરી મઠના વર્તમાન મહંત બલવીર ગિરીએ કોર્ટમાં નરેન્દ્ર ગિરીનો સીલ કરાયેલ રૂમ ખોલવાની માંગ કરી હતી. જે અપીલ કોર્ટે માન્ય રાખી હતી. આ પછી ટીમ ગુરુવારે બાગંબારી મઠ પહોંચી અને સવારે ૧૧:૩૦ થી સાંજે ૭ વાગ્યા સુધી દરેક વસ્તુની વીડિયોગ્રાફી કરવામાં આવી.

## તંત્રી સ્થાનેથી...

# ગોવામાં 'ખેલા'



*એકબાજુ રાહુલ ગાંધી 'ભારત જોડો' યાત્રા લઈને નીકળ્યા છે, ત્યારે જ ગોવાના આઠ ધારાસભ્યો જે રીતે છેડો ફાડીને ભાજપમાં ચાલ્યા ગયા, તે કોંગ્રેસ માટે ભારે ઝાટકો છે. આ પાટલીબદલે અન્ય રાજકીય પક્ષો તરફથી કરવામાં આવતી એ ટીકાને સાચી જ સાબિત કરી કે કોંગ્રેસને ભારત જોડો અભિયાન કરતાં વધુ જરૂર પાર્ટી જોડો અભિયાન ચાલુ કરવાની છે. ગોવામાં પાટલીબદલ કોઈ નવી અને અણધારી વાત નથી. આશ્ચર્ય એ વાતનું છે કે કોંગ્રેસનું શીર્ષ નેતૃત્વ ઘણા સમયથી એ પ્રકારના સમાચારો આવતા રહેવા છતાં પણ ચેત્યું નહીં કે ગોવામાં તેના ધારાસભ્યો તૂટવાના આરે છે. એવું લાગે છે કે કોંગ્રેસ નેતૃત્વ એ વાતે કંઈક વધુ જ સંતુષ્ટ થઈ ગયું કે તેના ધારાસભ્યોએ ગોવા વિધાનસભા ચૂંટણી સમયે એ મતલબના શપથ લીધા હતા કે તેઓ અન્ય કોઈ પક્ષમાં નહીં જાય. રાજકારણમાં આવા શપથનું કોઈ મૂલ્ય નથી હોતું. હાસ્યાસ્પદ અને વિચિત્ર વાત તો એ છે કે જે દિગંબર કામતના નેતૃત્વમાં પાટલી નહિ બદલવાના શપથ લેવામાં આવ્યા હતા તેઓ ખુદ કોંગ્રેસ છોડનારાઓમાં સામેલ છે.*

*સ્વાભાવિક રીતે જ આ ઘટનાથી ખીજાયેલી કોંગ્રેસ કહી શકે કે ભાજપે છળ-બળથી તેના ધારાસભ્યોને તોડ્યા, પરંતુ બહેતર એ રહેશે કે તેઓ એ કારણોના મૂળ સુધી જાય, જેને કારણે અન્ય રાજ્યોમાં પણ તેના ધારાસભ્યો તૂટતા રહે છે કે પછી તેના માટે તૈયાર દેખાય છે. એ જ રીતે એ પણ એક તથ્ય છે કે તેના નેતાઓનો પાર્ટી છોડવાનો સિલસિલો અટકતો નથી. ગત દિવસોમાં ભારત જોડો યાત્રા વચ્ચે જ અસમ કોંગ્રેસના મહાસચિવે એમ કહીને પાર્ટી છોડી દીધી કે નેતૃત્વ દિશાહીન અને ભ્રમિત છે. કંઈક આ જ પ્રકારની વાતો તે અનેક નેતાઓ પણ કહેતા રહ્યા, જેમણે કોંગ્રેસ છોડી દીધી, પરંતુ પાર્ટી નેતૃત્વએ તેમના પર ક્યારેય ધ્યાન ન આપ્યું. સંભવતઃ તેઓ એ સમજવા તૈયાર નથી કે પાર્ટીની રીતભાતને કારણે મોટાભાગના કોંગ્રેસી નેતાઓ એ નિષ્કર્ષ પર પહોંચી ગયા છે કે આ પક્ષમાં તેમનું કોઈ ભવિષ્ય નથી. કોંગ્રેસ નેતૃત્વ એટલે કે ગાંધી પરિવાર એ પણ સમજવા તૈયાર નથી દેખાતો કે તે આમ જનતા તો દૂર, પોતાના કાર્યકર્તાઓ અને સમર્થકો સમક્ષ પણ એવો કોઈ વિમર્શ ઊભો નથી કરી શકી, જે તેમને આકર્ષિત કરી શકે. જે પક્ષના કાર્યકર્તા હતાશ-નિરાશ હોય અથવા નેતૃત્વની વિચારધારાને સમજવા અસમર્થ હોય, તેમનું ભવિષ્ય ઉજ્જવળ ન જ હોઈ શકે. આજે કોંગ્રેસના સામાન્ય કાર્યકર્તાઓ પણ એ સમજી નથી શકતા કે પાર્ટીની વિચારધારા શી છે? રાહુલ ગાંધી પોતાની ભારત જોડો યાત્રામાં એ જ ચવાયેલી વાતો દોહરાવી રહ્યા છે, જે તેઓ એક લાંબા સમયથી કહેતા આવ્યા છે, તેને જોતાં તેમાં શંકા છે કે કોંગ્રેસ આમ જનતાને એ સંદેશ આપી શકશે કે આ યાત્રાનો ઉદ્દેશ્ય ચૂંટણી લાભ મેળવવાનો નહીં, પરંતુ દેશને જોડવાનો છે.*

# રાવણની વેર ભક્તિ ભાગ-૧



રામચરીત માનસમાં ભગવાન શંકર માતા પાર્વતીજીને કહે છે કે હે ઉમા.. ભગવાન શ્રી રામચંદજીનું ચિત્ત મૃદુલ છે તે ખૂબ જ કરૂણાશીલ છે.નર માંસ ખાનાર રાક્ષસોને પણ તે ગતિ પ્રદાન કરે છે.જેની યાચના યોગીઓ કરે છે તથા જે નિશિચર વેરભાવથી સ્મરણ કરે છે તેમને પણ પરમપદ પ્રદાન કરે છે.જે આવા પ્રભુને ભ્રમરહીત બની ભજતા નથી તે મંદમતિ અત્યંત અભાગી છે.

ભગવાન શંકરના આ ઉપદેશ અનુસાર રાક્ષસ રાજ રાવણે પણ પોતાની સ્થિતિને અનુકૂળ ભગવાન શ્રી રામ સાથે વેરભાવના દ્વારા પરમ પદ પ્રાપ્ત કરવાનો દઢ સંકલ્પ કર્યો હતો.

રામચરીત માનસમાં ભગવાનશ્રી રામને જન્મ લેવાનાં પાંચ કારણો બતાવ્યાં છે.તેમાં પહેલું કારણ ભગવાન વિષ્ણુના દ્વારપાળો જય અને વિજયને મળેલો શ્રાપ છે.આ બંન્ને દ્વારપાળો ચોકી કરતા હતા.એકવાર સનતકુમારો ભગવાનનાં દર્શન કરવા માટે આવે છે.મહાત્માઓને એમ કે અમારે કોની રજા લેવાની? તેથી તેઓ સીધે સીધા અંદર જવા લાગ્યા.તે સમયે આ દ્વારપાળોએ તેમને અટકાવ્યા કે ભગવાન અત્યારે શયન કરે છે તેથી આપ અંદર નહી જઇ શકો,તેથી ગુસ્સામાં આવી મહાત્માઓએ શ્રાપ આપ્યો કે ×તમે અમોને ભગવાનનાં દર્શન કરતા અટકાવો છો માટે બંન્ને જણ સાત જન્મો સુધી ભયંકર રાક્ષસ બની જાઓ.'' આ કોલાહલથી ભગવાન જાગી જાય છે.ભગવાને મહાત્માઓને સમજાવ્યા કે 'દ્વારપાળોએ તમોને અટકાવ્યા એ તેમની ભૂલ છે પરંતુ આપે તેમને શ્રાપ આપ્યો તે બરાબર નથી કર્યું.ગમે તેમ પણ એ દ્વારપાળો છે તેથી આપ શ્રાપમાં કાંઇક ફેરફાર કરો.'' મહાત્માઓ કહે છે કે ×શ્રાપ મળ્યો છે એટલે તેમને રાક્ષસ તો થવું જ પડશે પણ એક ફેરફાર કરીએ છીએ કે રાક્ષસ બન્યા પછી તમારી સાથે ભક્તિભાવ રાખશે તો તેમને સાત જન્મ પછી મુક્તિ મળશે અને જો તમારી સાથે વેર બાંધશે તો તમારા હાથે મરી ત્રણ જન્મે મુક્તિ પામશે.''

આ દ્વારપાળોએ નિશ્ચય કર્યો કે ભગવાનનું ભજન કરીએ તો સાત જન્મે મુક્તિ મળે એના કરતાં ભગવાન સાથે વેર બાંધી ત્રણ જન્મે મુક્તિ મળે તેવું કરીએ.આ બંન્ને દ્વારપાળો સતયુગમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપ બન્યા.તેમને મારવા(તારવા) પરમાત્માએ બે અવતાર લેવા પડ્યા..વરાહ અને નૃસિંહ. ત્રેતાયુગમાં તે રાવણ અને કુંભકર્ણ બને છે,તેમને મારવા પરમાત્માએ ×રામ'' અવતાર લેવો પડ્યો. દ્વાપરયુગમાં તે દંતવક્ર અને શિશુપાળ બન્યા,એમને મારવા (ઉદ્ધાર કરવા) માટે ભગવાને કૃષ્ણાવતાર લેવો પડ્યો હતો.''

રામાયણમાં અનેક એવા પ્રસંગો આવે છે જેમાં ભગવાન શ્રી રામને ભગવાનનો અવતાર બતાવીને વારંવાર રાવણને ભગવાનની શરણાગતિ સ્વીકારવાનું કહેવામાં આવ્યું છે,જેનાથી રાવણનો સંકલ્પ હટવાના બદલે વધુ વધતો ગયેલો જણાય છે,તેનું દિગ્દર્શન અહી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

નાક કાન વિનાની સૂપર્ણખા રાવણની પાસે ફરીયાદ કરવા જાય છે ત્યારે તે ભગવાન શ્રી રામનો પરીચય આપતાં કહે છે કે હે રાવણ..રાત દિવસ તૂં મદિરાથી મસ્ત થઈને રહે છે,તારે માથે શત્રુ જાગ્યો છે તેની તને ખબર નથી.

નીતિ વગરનું રાજ ટકતું નથી,ધર્મ વગરનું ધન ટકતું નથી,ઈશ્વરને અર્પણ ન કરે તો માનવીનાં સત્કાર્ય ટકતાં નથી,વિવેક ના આવે તો વિદ્યા ટકતી નથી,ખરાબ સંગ કરે તો સંન્યાસીઓનો સંન્યાસ ટકતો નથી અને અહંકાર કરે તો માનવીનું જ્ઞાન ટકતું નથી,શરાબ પીવે તો માનવીની ખાનદાની ટકતી નથી,ખરાબ મત લે તો રાજવીનું રાજ્ય ટકતું નથી.

રાવણ..સાવધાન થઇ જા.આ જગતમાં તૂં બધાને નાના ગણે છે પરંતુ શત્રુ રોગ અગ્નિ પાપ રાજા પ્રભુ અને સાપ..તેમને ક્યારેય નાના ન ગણવા જોઈએ.અયોધ્યાના રાજા દશરથના બે પૂત્રો કે જેઓ પુરૂષોમાં સિંહ તુલ્ય છે તેઓ વનમાં શિકાર ખેલવા આવ્યા છે.તેમનું કર્તવ્ય મારા જાણવામાં આવ્યું છે કે તેઓ પૃથ્વીને રાક્ષસો વગરની કરવાના છે. હે રાવણ..ઋષિ મુનિઓ તેમની ભૂજાઓના બળનો આશ્રય પામીને વનમાં નિર્ભય રીતે ફરવા લાગ્યા છે.તેઓ જોવામાં તો બાળક જેવા લાગે છે પણ કાળ સમાન છે, પરમ ધીર છે,પરમ ધીર છે,મોટા ધર્નુધારી અને અનેક ગુણવાળા છે.આ બે ભાઇ અતુલિત બળ અને પ્રતાપવાળા ખલોનો વધ કરવામાં લાગેલા અને મુનિઓને સુખ દેનારા છે.શૂપર્ણખાની આવી ઉપરોક્ત વાતોથી રામાયણમાં વર્ણવેલ અવતારનો હેતુ સ્પષ્ટ થાય છે.

રાવણ આખી વાત સમજી ગયો.સંન્ધ્યા સમયે પોતાના રાજભવનમાં સૂતો હતો પરંતુ ઉંઘ આવતી નથી તે વિચાર કરે છે કે ×સુર નર અસુર નાગ અને પક્ષીઓ વગેરે કોઇ મારા અનુચરો સમાન પણ બળવાન નથી.ખર અને દૂષણ તો મારા સમાન બળવાન હતા.તેમને ભગવાન સિવાય બીજો કોઇપણ મારી શકે નહી.જો પ્રભુએ દેવતાઓને રાજી કરવા અને પૃથ્વીનો ભાર ઉતારવા માટે અવતાર ધારણ કર્યો હોય તો હું જઇને તેમની સાથે વેર તથા હઠ કરૂં અને પ્રભુના બાણથી પ્રાણ ત્યજીને સંસારથી તરી જાઉં.આ તામસી રાક્ષસી શરીરથી ભજન થઇ શકવાનું નથી માટે પ્રભુ સામે મન વચન કર્મથી વેર કરીને તેમના હાથથી મરણ પામીને તરી જાઉં.'' એ જ મારો દઢ નિશ્ચય છે.

આનાથી સ્પષ્ટ થાય છે કે રાવણ અવતારવાદને માનતા હતા પરંતુ તે સંશયવાદી હતો એટલે તેનો વિચાર એ પણ હતો કે એ રામ જો સામાન્ય માનવ રાજકુમાર જ હશે તો તેને તથા તેના ભાઈને રણમાં જીતીને તેમની સાથેની સ્ત્રીનું હરણ કરીશ.રાવણ મહા વિદ્વાન અને નીતિમાન હોવાના કારણે પોતાના કલ્યાણની પ્રાપ્તિ ના માટે જે દઢ સંકલ્પ કર્યો હતો તેનાથી વિચલિત થયો નહી.જો કે તેને વિચલિત કરવાના અનેક પ્રસંગો ઉપસ્થિત થયા હતા તેની ઉપર નજર નાખીએ..

પ્રભુના બાણથી મરીને સંસારથી તરી જવાનો વિચાર કરી રાવણ મારીચ પાસે જાય છે અને પોતાનો તમામ વૃત્તાંત સંભળાવે છે કે ×તૂં માયાવી છળ કરનારો મૃગ થા કે જે ગોઠવણથી હું એ રાજાની સ્ત્રીને હરી લાવું.'' તેના જવાબમાં મારીચે અનેક રીતે રાવણને સમજાવ્યો કે હે રાવણ.. સાંભળ એ રામ મનુષ્ય નથી પરંતુ મનુષ્યના રૂપમાં પરમેશ્વર અવતરેલા છે.વેર અને પ્રેમ સમાનની સાથે હોય અસમાન સાથે ના હોય.આમ કરવાથી સફળતા ના મળે.રામ કાળનાય કાળ છે.મંદોદરીનો ચૂડલો અમર રાખવો હોય તો અહીંથી પાછો જતો રહે.બાલ્યાવસ્થામાં રામ વિશ્વામિત્રના યજ્ઞના રક્ષણ કરવા માટે આવ્યા હતા.

તે સમયે તેમને મને ફણા વગરનું બાણ માર્યું હતું, જેનાથી એક પળમાં સો યોજન દૂર આવી પડ્યો હતો.

તેમની સાથે વેર બાંધવાથી પરીણામ સારૂં નહી આવે.જેમ ભમરીએ પકડીને છોડી દીધેલ કીડો જ્યાં ત્યાં ભમરીને જ જુવે છે તેમ રામે પરાસ્ત કરીને છોડી દીધેલ હું જ્યાં રામ-લક્ષ્મણને જોઉં છું.ભયના સંસ્કારના કારણે મારી બુદ્ધિ ભમરીએ પકડીને છોડી દીધેલ કીડા જેવી થઇ ગઇ છે.તેમને તાડકા સુબાહું ખર-દૂષણ તથા ત્રિશિરાનો વધ કરેલ છે તે રામ સામાન્ય મનુષ્ય નથી. આવાં યુક્તિપૂર્વકનાં વાક્યો દ્વારા મારીચે રાવણને સમજાવવા છતાં તેને મારીચની તમામ વાતોને ઉડાવી દેતાં કહ્યું કે હે મૂઢ મારીચ.. તૂં ગુરૂની જેમ મને બોધ આપવા બેઠો છે? તૂં એ બતાવ કે આ તમામ જગતમાં મારા જેવો કયો યોદ્ધો છે? મારા આદેશનું પાલન નહી કરે તો હમણાં જ તારો શિરચ્છેદ કરીશ.મારીચ સમજી ગયો કે નહી જાઉં તો રાવણ મારી નાખશે અને જઇશ તો રામ મારશે.

તુલસીદાસજીએ લખી દીધું કે સમજદાર માણસે નવ જણાની સાથે વિરોધ ના કરવો.(૧) શસ્ત્રી-શસ્ત્ર વાપરવામાં પારંગત હોય..(૨) મર્મી-આપણા અંદરના ભેદને જે જાણતો હોય..(૩)પ્રભુ-ઈશ્વરની સાથે વિરોધ ના કરવો..(૪)શઠ-શઠની સાથે વિરોધ ના કરાય,જેનામાં લુચ્ચાઇ ભરી હોય,મુર્ખામી ભરી હોય..(૫)ધનવાન-ધનવાનની સાથે પણ વિરોધ ના કરવો.આજે રૂપિયાથી બધું ખરીદાય છે,માનવીનું ઈમાન પણ ખરીદાય છે.વિજય સત્યનો જ થાય છે પણ રૂપિયામાં બધા ગુણો આવી જાય છે. (૬)બંદીજન-કવિ ભાટ ચારણ..(૭)વૈદ્ય-ડૉકટરની સાથે વિરોધ ના કરાય..(૮)ભાનસ એટલે રસોઇઓ..તેની સાથે પણ વિરોધ ના કરવો.(૯)ગુણવાન-જેનામાં ધીરતા..ગંભીરતા અને સદગુણો હોય એવા સજ્જનોની સાથે વિરોધ ના કરવો.

ઉપરોક્ત નવની સાથે વિરોધ કરવાથી ફાયદો થતો નથી.ઉપરોક્ત વાતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે રાવણે પોતાના કલ્યાણના માટે જે દઢ સંકલ્પ કર્યો હતો તેનાથી સહેજપણ હટવા ઈચ્છતો ન હતો તેથી તો મારીચના ઉપદેશની તેને અવહેલના કરી હતી.

કેટલાક લોકોનો મત છે કે રાવણે વિચાર કર્યો હતો કે જો ભગવાને નરરૂપમાં અવતાર લીધો હશે તો યુદ્ધના મેદાનમાં તેમના હાથે મરી ભવસાગર તરી જઇશ અને જો અવતાર નહી હોય તો રણમેદાનમાં તેમને જીતી તેમની સ્ત્રીને ઉપાડી લાવીશ અને આ વિચારની પરીક્ષા કરવા માટે રાવણે મારીચને કપટમૃગ બનવાની વિનંતી કરી હતી.આમાં રાવણનું તાત્પર્ય એ હતું કે જો અંતર્યામી ભગવાન નરરૂપમાં હશે તો માયાને ઓળખી લેશે અને જો માયામૃગને ન જાણી શકે તો હું સમજી લઇશ કે તે મનુષ્ય છે.આમ જયારે મારીચને રાવણ કપટમૃગ બનાવીને મોકલ્યો તો તેને મારવા શ્રી રામ પાછળ દોડ્યા તો રાવણે નક્કી કર્યું કે આ અંતર્યામી ભગવાન નહી પરંતુ સાધારણ મનુષ્ય જ માનવા લાગ્યો અને તેના લીધે જ રાવણ ઉપર કોઇના ઉપદેશની અસર ના થઇ પરંતુ આ મત યોગ્ય નથી કારણ કે આ મતનું ખંડન મારીચ વધના પ્રસંગમાં થઇ જાય છે,જયારે શ્રી રામચંદજી માયામૃગની પાછળ દૂર સુધી ચાલ્યા જાય છે તેમની પાછળ થોડા સમય પછી લક્ષ્મણ પણ શ્રીરામની શોધમાં નીકળી જાય છે ત્યારે પર્ણકુટીમાં સીતાજીને એકલા જોઇને યતિ (સાધુ)ના વેશમાં આવીને નીતિ-પ્રિતિ તથા ભય બતાવીને અનેક પ્રકારની વાતો સીતાજીને કહેવા લાગ્યો.(માણસની આંખ અને વાણી સંતત્વ છે કે ધોખેબાજ છે તેની ખબર આપી દે છે) જેને સાંભળી કહ સીતા સુન જતિ ગોસાઇ,બોલેહું વચન દુષ્ટકી નાઇ.. ત્યારે રાવણે પોતાનું ભયંકર રૂપ બતાવ્યું ત્યારે સીતાજીએ કહ્યું કેઃ અરે ખલ..તૂં ઉભો રહેજે..! રામચંદજી હમણાં આવી પહોચશે. હે રાક્ષસોના રાજા..જેમ સસલો સિંહની સ્ત્રીની ઈચ્છા કરે તેમ તૂં મારી ઈચ્છા કરે છે માટે તું સસલાની જેમ કાળને જ વશ થયો છે એમ લાગે છે.આવાં વચનો સાંભળીને રાવણે ઉપરથી ક્રોધ દેખાડ્યો પરંતુ રાવણ મનથી સીતાજીના ચરણોમાં પ્રણામ કરીને સુખનો અનુભવ કરવા લાગ્યો.રાવણના આવા ભાવથી સમગ્ર ભેદ ખુલી જાય છે તે પોતાના દઢ સંકલ્પ અનુસાર વેરભાવને સાચવી રાખવા માટે બહારથી ક્રોધિત થાય છે તથા પોતાના આંતરીક નિશ્ચયના દ્વારા શ્રી સીતાજીને જગતજગની સમજીને તેમની ચરણવંદના કરે છે તથા ભગવાનની આ આહ્લાદિની પરાશક્તિનો આશ્રયથી આજે મારા કલ્યાણનો માર્ગ ખુલ્લો થયો છે તેમ સમજી આનંદિત થાય છે.(ક્રમશઃ..)

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૧,૦૯૦ તૂટી રૂ.૩૪ હજારની નીચે સરક્યો

સોના-ચાંદીના વાયદામાં એકંદરે નરમાઈનો માહોલઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૦૫૧૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૭૩૭૭ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૦,૯૧૪ સોદાઓમાં કુલ રૂ.૧૭,૯૪૩.૬૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૦૫૧૬.૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૭૩૭૬.૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૦,૯૧૪ સોદાઓમાં કુલ રૂ.૫,૯૯૯.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૯,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૨૭૪ અને નીચામાં રૂ.૪૮,૯૫૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૦ ઘટી રૂ.૪૯,૧૬૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૪૦ ઘટી રૂ.૩૯,૫૮૨ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૪ ઘટી રૂ.૪,૯૧૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૨૧૩ના ભાવે ખૂલી, રૂ.૧૬૪ ઘટી રૂ.૪૯,૨૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૨૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૪૨૭ અને નીચામાં રૂ.૫૫,૩૩૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૭૧૬ ઘટી રૂ.૫૫,૭૦૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૬૬૪ ઘટી રૂ.૫૬,૨૧૭ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬૪૫ ઘટી રૂ.૫૬,૩૩૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૨૨૨ સોદાઓમાં રૂ.૧,૯૫૯.૩૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૫૦ ઘટી રૂ.૧૯૮.૧૦ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૮.૩૦ ઘટી રૂ.૨૭૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૪૫ ઘટી રૂ.૬૪૦.૧૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૪૦ ઘટી રૂ.૧૭૭ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૨૭૦ સોદાઓમાં કુલ રૂ.૨,૫૦૬.૬૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૮૧૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૮૬૩ અને નીચામાં રૂ.૬,૭૩૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨ વધી રૂ.૬,૮૩૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૬.૩૦ ઘટી રૂ.૬૪૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૦૬ સોદાઓમાં રૂ.૫૧.૧૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૪,૩૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪,૫૩૦ અને નીચામાં રૂ.૩૩,૬૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧,૦૯૦ ઘટી રૂ.૩૩,૭૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૯.૨૦ વધી રૂ.૯૮૨.૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૮૮૯.૬૬ કરોડનાં ૫,૮૭૬.૩૯૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૧૧૦.૦૨ કરોડનાં ૫૫૪.૨૯૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૭૧.૨૬ કરોડનાં ૧૧,૩૩,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૭૩૫ કરોડનાં ૨૬૫૮૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૧.૬૯ કરોડનાં ૯૩૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૯.૪૨ કરોડનાં ૧૯૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૭૩૧.૬૪૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૬૨.૭૩૨ ટન, ક્રૂડ તેલમાં ૭૯૧૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૪૯૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૬૯૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૭૩૩.૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૫૦.૨૩ કરોડનાં ૭૩૭ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૬૧૪ના સ્તરે ખૂલી, ૭૯ પોઈન્ટ ઘટી ૧૩,૬૨૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૩૭૬.૬૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૧૩.૧૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૭.૧૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૬૯૧.૨૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૨૪૪.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૦૭.૬૭ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૩૭ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૫.૫૦ અને નીચામાં રૂ.૩૦૦ રહી, અંતે રૂ.૪.૭૦ વધી રૂ.૩૪૫ થયો હતો. જ્યારે સોનું સપ્ટેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૬ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૮ અને નીચામાં રૂ.૧૩૯.૫૦ રહી, અંતે રૂ.૬૧ ઘટી રૂ.૧૮૩ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧.૦૫ અને નીચામાં રૂ.૧૩.૧૫ રહી, અંતે રૂ.૮.૨૫ ઘટી રૂ.૧૫.૩૫ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૦ અને નીચામાં રૂ.૭૬૦ રહી, અંતે રૂ.૧૫૩ ઘટી રૂ.૮૩૮ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૯ અને નીચામાં રૂ.૨૫.૫૦ રહી, અંતે રૂ.૫.૫૦ ઘટી રૂ.૩૨ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૬૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫.૫૦ અને નીચામાં રૂ.૨૪ રહી, અંતે રૂ.૧૧.૩૫ વધી રૂ.૩૨.૬૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૭૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૧.૮૦ અને નીચામાં રૂ.૨૬૭.૫૦ રહી, અંતે રૂ.૬.૬૦ વધી રૂ.૨૭૭.૨૦ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૮૦ અને નીચામાં રૂ.૩૧૯ રહી, અંતે રૂ.૭૦.૫૦ વધી રૂ.૩૯૬ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૯૪૭.૫૦ અને નીચામાં રૂ.૧,૪૮૨.૫૦ રહી, અંતે રૂ.૩૩૫ વધી રૂ.૧,૮૧૧.૫૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૯ અને નીચામાં રૂ.૨૫૦ રહી, અંતે રૂ.૯૦.૫૦ વધી રૂ.૩૫૭ થયો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







*NOG SS NO:004*
વિષય: શ્રાદ્ધ પૂર્વજ તર્પણ
પ્રકાર: પદ્યમુક્ત પંચિકા
શબ્દો:૧૩૬
શીર્ષક: શ્રદ્ધા
શ્રાદ્ધની શ્રદ્ધા
માનવ મહીં
અટલ વિશ્વાસનું,
હોવું મનમાં,
કેવું તર્પણ!
કાગને વાસ
ગાયને ભોજ
નકામનું મૂગું તે,
પ્રાણી નિશ્તેજ
કેવું ભટકે!
મને માનવ
ડરે ફફડે
પૂર્વજો મૃત્યું પછી
નડે સમજ
કેવું કારણ?
માનવતાની
સતામણીએ
અરે! તે ભરે કર્મે,
પાપ પુન્યે તે
કેવું રે કલ્પે!
કર્મ તે કરે
સાચા ખોટા ને,
દોષ દે પૂર્વજોને,
ભલા તે દીધું
કેવું દરદ!
સાચું પૂન્ય રે
દે દાન સદ્
પૂર્વજોની ઈચ્છાનું,
જમે ભૂખ્યાઓ
કેવું સ્વાદિષ્ટ!
બીજુ દાન રે
તું કરે ગુપ્ત
કર બન્ને અજાણ,
વિદ્યા તે દાન
કેવું મહાન!
અર્પણ કર
તર્પણ કર
પૂર્વજોની પાછળ
જીવ સંતોષી
કેવું પ્રેમાળ!
જયશ્રી પટેલ
૧૫/૯/૨૨

---

NOG SS No:73
નામ..નયના પટેલ.
વિષય. શ્રાદ્ધ પક્ષ. માતૃ પિતૃ શ્રાદ્ધ. પૂર્વજ,તર્પણ.
પ્રકાર..ગદ્ય. લેખ.
શીર્ષક..સાચું તર્પણ..

મજૂરી કરીને પેટિયું રળતા ગંગાબાના બેય દીકરાઓ અને વહુઓ આજે માને કહે માં શેઠ મરીગયા એટલે શેઠાણીએ એમની પાછળ બહુ પૈસા ખર્ચ કર્યા એમનું તર્પણ કરવામાં, ×માએ કહયું બેટા× તમે બે ટાઈમ રોટલા ખવડાવો છો,મારી સેવા કરો છો એજ મારા માટે જીવતા જીવ તર્પણજ છે..દીકરાઓ જે મા બાપ જીવતે જીવ પોતાના બાળકને નથી નડતા એ શું માર્યા પછી નડતા હોય!

નયના પટેલ.નૈન.

---

NOG S S N 0089
વિષય: શ્રાદ્ધ
પ્રકાર : ગદ્ય
પ્રવિણા કડકિઆ

———————-

શ્રદ્ધા થી કરવામાં આવેલી પિતૃઓની યાદમાં પૂજા તે શ્રાદ્ધ . જેમાં પ્રેમની માત્રા છલોછલ ઉભરાતી હોય છે. તેમનું ઋણ મરતા દમ સુધી યાદ રહે. તેમના પ્રેમની વર્ષામાં વિતાવેલું બાળપણ નજર સમક્ષ તાદૃશ થાય .

ભાદરવા માસ ની પૂર્ણિમાથી , અમાસ સુધીના ૧૬ દિવસ શ્રાદ્ધનું પર્વ મનાવવાનાં આવે છે.

મારા મિત્ર બજારમાંથી ક્રિયા પત્ર , શાક પાન અને ઘી તેલ ખરીદતા હતા . મને મળ્યા, પૂછ્યું કેમ આટલું બધું, કહે “ મારી માતાનું બારમું કરું છું. જમવા જરુર પધારશો”.

“ અરે ગઈકાલે તમારા મા મંદિરમાં મળ્યા હતા”.

“ હા, તેના મર્યા પછી કરું તો તે કયાં જોવા આવવાની? જીવતા કરું તો જુએ તો ખરી”.

માતા , પિતા , પતિ યા પત્ની જીવતાં સુખ , પ્રેમ , આદર આપો. મૃત્યુ પછી તેમની યાદની જ્યોતિ “શ્રાદ્ધ કરી” સદા પ્રજ્વલિત રાખો.

જયાં પક્ષ હશે તમને આશિષ વરસાવશે. તમારી પ્રગતિ જોઈ પુલકિત થઈ ઊઠશે.

# સૌનો, નરેન્દ્ર મોદી

**“સૌનો” શબ્દ એ શ્રી નરેન્દ્રભાઈ મોદીના પાંચ દાયકાની વિચાર-કાર્યશક્તિની એકસૂત્રતાની મંત્ર સાધના છે.**

**(સૌનો સાથ-સૌનો વિકાસ,સૌનો વિશ્વાસ-સૌનો પ્રયાસ)**

---

**સૌના...શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની હ્યદયપૂર્વકની શુભેચ્છાઓ...**



**લેખક- ભરત પંડયા**





શ્રી નરેન્દ્રભાઈ મોદી એ Visionary Leader છે. તેમની વિચાર-કાર્યપદ્ધતિ એ વર્ષો સુધી સાતત્યપૂર્ણ હોય છે. તેઓ એક શબ્દને પસંદ કરે છે તેને સૂત્ર બનાવીને કાયમી રીતે એકશન મંત્ર બનાવી દે છે.

તેઓ લગભગ ૧૫ વર્ષ પ્રચારક, ૧૫ વર્ષ ભાજપ સંગઠનમાં, ૧૩ વર્ષ મુખ્યમંત્રી અને ૮ વર્ષ તરીકે પ્રધાનમંત્રી-પ્રધાનસેવક તરીકે કામ કરી રહ્યાં છે. જયારે તેઓ પ્રચારક અને પ્રદેશ મહામંત્રી હતાં ત્યારે સ્વયંસેવક અને કાર્યકર્તાઓને પ્રાસંગિક રીતે પત્ર લખતાં અને કાર્યકર્તાઓ પત્રનો જવાબ પણ આપતાં હતાં. તેઓ પહેલેથી જ જવાબદેહી પ્રકૃતિ ધરાવે છે. મને પણ ૧૯૮૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ પાનાનો પત્ર લખેલો તે મારા જીવનનો પ્રેરણામંત્ર બની ગયો હતો. પત્રમાં છેલ્લે, “સૌનો” લખીને “નરેન્દ્ર મોદી” સહી કરતાં હતાં.તેમનો આ “સૌનો” શબ્દની ખૂબ લાંબી સફર લગભગ ૩૫ વર્ષની સફર ખેડીને તેના અન્ય શબ્દ-ભાવ-કૃતી એકસૂત્રતા ઉમેરાતી ગઈ.

“સૌનો સાથ-સૌનો વિકાસ,
સૌનો વિશ્વાસ-સૌનો પ્રયાસ”

આ સૂત્ર મંત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૫૦ વર્ષની વિચાર કાર્યપદ્ધતિની એકસૂત્રતાની સાધના છે. દેશહિત-જનહિત માટેના દિશાદર્શન સાથેની એક લાંબી તપશ્ચર્યા છે.

મારો ભાજપ, સૌનો ભાજપ:

પ્રદેશ મહામંત્રી સમયે ભાજપના સંગઠનને સર્વવ્યાપી,સર્વસ્પર્શી બનાવવા માટે મિટીંગોમાં વિસ્તૃત વિચારો મુકતાં હતાં. કાર્યકર્તાનું ભાજપ સાથેનું છંદ્રક્ષ્ઠરદ્ધીહં વધુ મજબૂત બને અને તમામ સમાજ,વર્ગ,વિસ્તાર સાથે કનેકટ થાય તેવું તેમણે એક સૂત્ર આપ્યું.

“મારો ભાજપ-સારો ભાજપ, મારો ભાજપ-સૌનો ભાજપ”આ સૂત્રથી કાર્યકર્તા અને દરેક સમાજ સાથે સારી રાજનીતિનો લગાવ, જોડાણ વધ્યું. ભાજપમાં તેઓએ પ્રતિષ્ઠિત લોકો જેવાં કે, વેપારી, વકિલ, ડૉકટર્સ, અધ્યાપકો, શિક્ષકો, યુવાનો, મહિલાઓ, ખેડૂતો, શ્રમિક વર્ગસહિત તમામ વર્ગ અને સમાજને જોડવાનો સફળ પ્રયાસ કર્યો હતો. સમાજ શ્રેષ્ઠીઓ, સેવાભાવી વ્યક્તિઓ, શિક્ષિત વર્ગ માંથી નવી ભરતી કરીને ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવ્યું હતું. શહેરી અને ગ્રામ્ય સ્તર સુધી ભાજપ સંગઠનને વિસ્તૃત કરીને “મારો ભાજપ-સૌનો ભાજપ”નાસૂત્રને સાર્થક કર્યું.

સૌનો સાથ-સૌનો વિકાસ:

ગુજરાતમાં ૨૦૦૦ની સાલમાં વિસ્તારમાં અતિવૃષ્ટિના કારણે પૂરની પરિસ્થિતિમાં અમદાવાદ સહિત કેટલાંક શહેરો-ગામોઅસરગ્રસ્ત થયાં હતાં. તેવા છાપામાં સમાચારો આવતાં અને ગુજરાત “ડૂબી ગયું. ડૂબી ગયું” તેવું રાજય બહાર પણ વાતાવરણ બનતું હતું. ૨૦૦૧માં આવેલ ભૂકંપને કારણે ગુજરાતના કેટલાંક વિસ્તાર અને ખાસ કરીને કચ્છમાં અનેક બિલ્ડીંગો, ઘર, દૂકાનો પડી ગયાં હતાં. ત્યારે ગુજરાત “ભાંગી ગયું, ભાંગી ગયું” તેવું દેશ-દુનિયામાં સમાચારો છવાઈ ગયાં હતાં. ૨૦૦૧માં શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યાં અને થોડાંક મહિનામાં ૨૦૦૨માં સાબરમતી ટ્રેનમાં ગોધરા કાંડ થયો ત્યારે ગુજરાત વિરોધીઓએ “ગુજરાત સળગી ગયું, સળગી ગયું” તેવો અતિ અપપ્રચાર કર્યો. તે સમય શ્રી નરેન્દ્રભાઈ મોદી સહેજ પણ વિચલિત થયાં વગર ગુજરાતના સર્વાંગી વિકાસ, માન-સન્માન ગૌરવ માટે એક લોકસેવક અને લોકનાયકની જેમ ઝઝૂમ્યાં. આ સમયે “સૌનો સાથ, સૌનો વિકાસ” સૂત્ર સાથે અનેક ગરીબલક્ષી, રોજગારલક્ષી, વિકાસલક્ષી યોજનાઓ, કાર્યક્રમો, પ્રોજેકટોની હારમાળા સર્જી હતી. ગુજરાતને બેઠું જ નહીં પરંતુ ગુજરાતને વિકાસના પથ પર દોડતું કરી દીધું અને દેશમાં ગુજરાત મૂડીરોકાણ, રોજગાર, કૃષિ અને શિક્ષણક્ષેત્રમાં અગ્રેસર રહ્યું.

સૌનો સાથ (સૌને ન્યાય-સૌનું સન્માન)

સૌનો સાથ કયારે મળે ? જયારે સૌને ન્યાય મળે અને સૌનું માન-સન્માન સચવાય અને સૌનો વિકાસ થાય તે માટે સમાજનાં ઉત્કર્ષ, એકતા માટેના નિર્ણયો લેવાં માટેનો તેમણે પ્રામાણિક પ્રયાસ કર્યો.

ગુજરાત વિધાનસભા ગૃહમાં એક પ્રકિયાહોયછે કે જીઝ ૠ જી્ રાજકીય અનામતને દર ૧૦ વર્ષે રીન્યુ કરવામાં આવતી હોય છે. તે સમયે જીઝ ૠ જી્ અનામતના ગૌરવ સાથે યથાવત રાખવામાં આવી હતી. પ્રધાનમંત્રી સમયે ંઋઝ ને કાયદાકીય સ્વરૂપ આપીને સંસદમાં બીલ પસાર કરીને સૌ પ્રથમવાર માન્યતા સાથે સામાજીક ન્યાય આપવાનું કામ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે કર્યું અને અન્ય સમાજની લાગણીને ધ્યાનમાં રાખીને આર્થિક રીતે નબળા સમાજ છે તેને પણ ૧૦ ટકા ઈઋઝ અનામત આપવાનો શુભારંભ ગુજરાતથી કરવામાં આવ્યો. આ બધાં જ નિર્ણયો “સૌને ન્યાય” આપવામાં મક્કમ અને ઐતિહાસિક નિર્ણયો હતાં.

સૌને સન્માન:

મને યાદ છે કે ૨૦૦૧માં સંસ્કારધામમાં સંઘના સિનીયર પ્રચારકો અને સેવાવ્રતીઓના સન્માન માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ “તપોવંદના” કાર્યક્રમ કર્યો હતો. મુખ્યમંત્રી બન્યાં પછી ગુજરાત કોલેજમાં યોજાયેલ “ગુરૂવંદના” કાર્યક્રમમાં તેમણે પોતાને ભણાવેલાં તમામ શિક્ષકોને વંદન કરીને સન્માનિત કર્યાં હતાં. ૨૦૧૦માં ગુજરાતનાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં હતાં ત્યારે દરેક રાજકીય પાર્ટીના ૫૦ વર્ષમાં જે પણ ધારાસભ્ય, સંસદસભ્ય ચૂંટાયા હતાં.

તે તમામને બોલાવીને વિધાનસભા ગૃહનું એક વિશેષ સત્ર બોલાવીને માન-સન્માન કર્યું. ફોટોસેશન અને તેમણે તમામનું પરીચય પુસ્તક આપવામાં આવ્યું હતું. સ્વર્ણિમ યાત્રા દ્વારા દરેક ગામમાં સિનીયર સીટીઝન, વયવંદના, સૌથી ભણેલી દિકરી કે વહુ, પ્રગતિશીલ ખેડૂત, દાતાઓનું સન્માન કર્યું હતું. અનેકવાર સરપંચોને ગાંધીનગર બોલાવીને માન-સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના મહાપુરૂષોને સન્માન આપવાની પરંપરા શરૂ કરી. આઝાદીના ૫૫ વર્ષ પછી ક્રાંતિવીર શ્યામજીકૃષ્ણ વર્માના અસ્થિને જીનીવાના મ્યુઝીયમ માંથી લાવીને “વિરાંજલી યાત્રા”કચ્છના માંડવી સુધી કાઢવામાં આવી હતી અને માંડવી ખાતે “ઈન્ડીયા હાઉસ” સન્માન સ્મારક બનાવવામાં આવ્યું. ગાંધીજી-મહાત્મા મંદિર, દાંડી કૂટીર હોય કે સરદાર પટેલના માન-સન્માન ગૌરવ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની સાથે જોડાયેલ પંચતીર્થનું નિર્માણ તેમજદરેક શહીદોના સન્માન માટે દિલ્હીમાં ભવ્ય શહીદ સ્મારક બનાવ્યું. હમણાં જ નવા સંસદભવનમાં આંગણાંમાં સ્વાતંત્ર્યસેનાની સુભાષચંદ્ર બોઝની પ્રતિમા મૂકવામાં આવી. શ્રી નરેન્દ્રભાઈ જે રાજયોમાં જાય છે તે રાજયોના સંતો, સ્વાતંત્ર્ય સેનાનીઓ, મહાપુરૂષોને વગેરેના હંમેશા યાદ કરે છે.



સૌનો વિકાસ-સૌનો વિશ્વાસ

શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનનું એક રહસ્ય એ છે કે તેઓ કયારેય પોતાના ખિસ્સામાં પૈસાનું પાકીટ રાખતાં ન હતાં. મેં કયારેય તેમના ખિસ્સામાં પાકિટ રાખતાં જોયાં નથી. પૈસા પ્રત્યે સંપૂર્ણ નિર્લેપ રહ્યાં છે. ખિસ્સું ખાલી પરંતુ હ્યદય (દિલ) સંવેદનાથી ભરેલુ રહ્યું છે. તત્કાલિન પ્રધાનમંત્રી શ્રી રાજીવ ગાંધીનું કબૂલાતનામું હતું કે “હું દિલ્હીથી ૧ રૂ. મોકલું છું અને છેક નીચે સુધી પહોંચતા માત્ર ૧૫ પૈસા પહોંચે છે”,એટલે કે, ૧ રૂ માંથી ૮૫ પૈસાનો ભ્રષ્ટાચાર રોકવા માટેનું કોઈ એકશન કે સોલ્યુશન ન હતું.

શ્રી મોદીજીને પહેલેથી જ જીઅજીદ્ઘ ઝરઠ્ઠહપ્રી કરવાનું ઝનુન હતું. ઙ્મ્માધ્યમથી ૫૩ મંત્રાલયોની ૩૧૯ યોજનાઓ દ્વારા અત્યાર સુધીમાં ૨૫ લાખ કરોડ ટ્રાન્જેકશન દ્વારા દેશના કરોડો લાભાર્થીઓનાબેંક ખાતામાં સીધેસીધાં યોજનાઓના પૈસા પહોંચાડ્યા છે. ઙ્મ્ માધ્યમથી ૨.૨૨ લાખ કરોડ રૂ.નો ભ્રષ્ટાચાર અટકાવ્યો છે. કિસાન સન્માન નિધીમાં ૧૧ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં દર વર્ષે રૂ.૬૦૦૦ આવે છે. દેશના લગભગ ૫૦ કરોડ લોકોને ૫ લાખ રૂ.સુધીની મફત સારવાર માટે આયુષ્યમાન કાર્ડ મળી રહ્યાં છે. કોવિડમાં ૮૦ કરોડ લોકોને ૨ વર્ષ સુધી મફત અનાજ આપવા આપવામાં આવ્યું. ૧૦૮ એમ્બ્યુલન્સ આજે કોઈપણ જ્ઞાતિ, સમાજનો વ્યક્તિ ફોન કરીને બોલાવી શકે છે. મહિલા,યુવા,ખેડૂત, ગરીબ, દિવ્યાંગ સહિત અનેક યોજનાઓ અને જન્મ થી માંડીને મૃત્યુ સુધીની યોજનાઓ દ્વારા ભાજપની સરકાર લોકોની પડખે ઊભી છે. આ સરકાર સૌની છે. એટલે જ, જનતાનો શ્રી મોદીજીમાં રહેલો વિશ્વાસ ઉત્તરોત્તર વધતો જાય છે.

સૌનો પ્રયાસ:

શ્રી લાલબહાદૂર શાસ્ત્રીજી પછી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનથી જે તે કાર્ય કે કાર્યક્રમમાં દેશની જનતા જોડાય છે. સ્વચ્છતા અભિયાનમાં લોકોના સહકારથી ૧૧ કરોડથી વધુ શૌચાલય બનાવીને દેશની જનતાના પ્રયાસથી ૬ લાખ ગામો ખુલ્લામાં શૌચમુક્તથયાં. કોરોના વોરીયર્સને બિરદાવામાં લોકોએ રાત્રે લાઈટ બંધ કરીને દિપ પ્રગટાવી, થાળી-શંખ વગાડીને જોડાયાં હતાં. તાજેતરમાં તા.૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાન હેઠળ દરેકને નાગરીક પોતાના ઘર-દૂકાન ઓફિસ વગેરે પર રાષ્ટ્રધ્વજ ગૌરવભેર ફરકાવ્યો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રકારના સામાજીક-રાષ્ટ્રીય મુદ્દાઓ પરના આહવાનથી દેશની જનતા જનાર્દનનો સાથ-સહકાર મળી રહ્યો છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી દરેકને પોતાના માને છે, તેવી રીતે જ જનતા જનાર્દન પણ શ્રી નરેન્દ્રભાઈને પોતાના જ માને છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીનો “સૌનો” શબ્દ એ ભાજપ સંગઠનમાં ‘સર્વવ્યાપી’ સૂત્ર બન્યો પછી સરકારની કાર્યપ્રણાલીનું ‘પ્રતિક’ અને હવે, પ્રજામાનસમાં “એકતામંત્ર” બની ગયો છે. સૌનો સાથ-સૌનો વિકાસ, સૌનો વિકાસ-સૌનો વિશ્વાસ, આ સૂત્ર પછી જનતાના મન-હ્યદય સુધી “સૌનું ભારત, સૌના નરેન્દ્ર મોદી”, આ સૂત્રની પણ અનૂભુતિ પહોંચી છે.

સૌના...શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની હ્યદયપૂર્વકની શુભેચ્છાઓ...

ભરત પંડયા
(લેખકઃ પૂર્વ પ્રદેશ પ્રવકતા, ભાજપ અને પૂર્વ ધારાસભ્ય)





# અમદાવાદ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીની કચેરીએ વિવિધ ૧૮ મુદ્દાઓને લઈ રેલી કાઢી આવેદનપત્ર પાઠવવામા આવ્યુ




અમદાવાદ,

આજ રોજ અમદાવાદ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા રેલી કાઢી અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીને આશ્રમશાળાના ૧૮ જેટલા મુદ્દાઓને લઈ ને આવેદનપત્ર આપવામા આવ્યુ.આ કાર્યક્રમ મા આશ્રમશાળાના કર્મચારીઓ મોટી સંખ્યામા રેલી સ્વરુપે કલેક્ટર કચેરીએ પહોચ્યા હતા.

૧.આશ્રમશાળામા ફરજ બજાવતા અનુસુચિત જાતિ અને વિકસતી જાતીના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવો,

૨. આશ્રમશાળાના કર્મચારીઓને ૪૨૦૦/- ગ્રેડપે નો લાભ આપવો, આશ્રમશાળાના કર્મચારીઓને સળંગ નોકરીનો લાભ આપવો, આશ્રમશાળા ગૃહપતીની જોગવાઈ કરવી, તેમજ જુની પેન્શન યોજના લાગુ કરવી. આવા ૧૮ મુદ્દાઓ સાથે અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીને મોટી સંખ્યામાં આશ્રમશાળાના કર્મચારીઓએ રેલી કાઢી અવેદનપત્ર આપવામા આવ્યુ હતુ આ પ્રશ્નોનુ નિરાકરણ ન આવે તો આ અંગે આંદોલનનો કાર્યક્રમ ધડી કાઢવામા આવ્યો.

૧. તા. ૧૬-૦૯-૨૦૨૨ થી ૧૮-૦૯-૨૦૨૨ રોજ કાળી પટ્ટી ધારણ કરવી.

૨. તા. ૧૯-૦૯-૨૦૨૨ના રોજ માસ સી.એલ. ભોગવશે.

૩. તા. ૨૨-૦૯-૨૦૨૨ના રોજથી શૈક્ષણીક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ જિલ્લા કલેકટર કચેરી એ એક દિવસ ધરણા કરવા. આમ છતા પ્રશ્નોનુ નિરાકરણ ન આવે તો તા. ૭-૧૦-૨૦૨૨ સોમવારે ગાધીનગરમા ધરણા કરી માન.મુખ્યમંત્રીશ્રીને આવેદનપત્ર આપવુ. તેમ છતા પ્રશ્નોનુ નિરાકરણ ન આવેતો..તા. ૧-૧૧-૨૦૨૨ના રોજથી અચોક્કસ મુદતની હડતાલ સુધીના જલદ કાર્યક્રમ આપવામા આવશે આવી ચીમકી અમદાવાદ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘના પ્રમુખશ્રી. કિરણભાઈ પટેલ તથા મંત્રીશ્રી. પ્રહલાદભાઈ બી સોલંકી અને કર્મચારીઓ દ્વારા આપવામા આવી છે

# ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે ડાંગના અધિકારીઓને હેડ ક્વાર્ટર નહિ છોડવાની સૂચના અપાઈ

### સવારના છ થી સાંજના ચાર વાગ્યા સુધી નોંધાયો સરેરાશ ૪૫ મી.મી. વરસાદ

આહવા: તા: ૧૫: હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી સમય દરમિયાન ડાંગ જિલ્લામા ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને ધ્યાને લેતા, જિલ્લાના તમામ લાયઝન અધિકારીઓ, તેમજ લાઈન ડીપાર્ટમેન્ટના તમામ અધિકારીઓને ફરજિયાત તેમના હેડ ક્વાર્ટર ઉપર હાજર રહેવાની સૂચના અપાઈ છે.

ડાંગના નિવાસી અધિક કલેક્ટર શ્રી પી.એ.ગામિત તરફથી મળેલી એક અખબારી યાદીમા જણાવ્યા અનુસાર, સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે જિલ્લા અધિકારીઓ ઉપરાંત તેમના તાબા હેઠળની કચેરીના તમામ અધિકારી/કર્મચારીઓને પણ હેડ ક્વાર્ટરમા હાજર રહી, કંટ્રોલ રૂમ સાથે સત સંપર્કમાં રહી ફરજ બજાવવાની તાકીદ કરવામા આવી છે.

ઉલ્લેખનીય છે કે, તા.૧૫/૯/૨૦૨૨ ના રોજ સવારે છ વાગ્યાથી આ લખાઈ છે ત્યાં સુધી, એટ્લે કે સાંજના ચાર વાગ્યા સુધી જિલ્લામા સરેરાશ ૪૫ મી.મી. વરસાદ નોંધવા પામ્યો છે. જિલ્લાના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ તરફથી મળેલી વિગતો અનુસાર, આ દસ કલાક દરમિયાન આહવા તાલુકામા ૪૬ મી.મી. વરસાદ નોંધાતા અહી મોસમનો કુલ વરસાદ ૨૪૦૬ મી.મી. થવા જાય છે. તો વઘઇ તાલુકાનો ૬૫ મી.મી. વરસાદ નોંધાતા અહી મોસમનો કુલ વરસાદ ૨૩૩૩ મી.મી., સુબીર તાલુકાનો ૩૬ મી.મી. વરસાદ નોંધાતા અહી ૨૧૯૨ મી.મી., અને સાપુતારા પંથકનો ૩૩ મી.મી. વરસાદ નોંધાતા અહી મોસમનો કુલ વરસાદ ૨૫૭૩ મી.મી. નોંધાઈ ચૂક્યો છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

# રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા બાળ અધિકારનુ હનન થતા અટકાવવા માટે શિબિર યોજાઈ




આહવા: તા:૧૬: આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા બાળ અધિકારનુ હનન થતા અટકાવવા માટે દેશના ૭૫ જિલ્લાઓ નક્કી કરવામા આવ્યા છે. દેશમા બાળકોના ૨૫% થી વધારે આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમા આ કાર્યક્રમ યોજવામા આવે છે. જે અતર્ગત ડાંગ જિલ્લામા શિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ.રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અંતર્ગત સ્થાપિત કરવામા આવેલ કેન્દ્ર સરકારની ન્યાયિક સંસ્થા દ્વારા ડાંગ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી આહવા ખાતે બંધારણીય જોગવાઈ, વિવિધ કાયદાઓ અને નિયમોમા બાળકોને મળતા અધિકારો સુનિશ્ચિત કરી બાળકોના અધિકારોનુ હનન થતા અટકાવવાનો છે. જે બાબતે ફરિયાદો સાંભળવા અને તેનુ નિરાકરણ કરવા માટે આયોગ દ્વારા શિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ.રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન શ્રી પ્રિયાંક કાનુન્ગો, મેમ્બર સેક્રેટરી સુશ્રી રૂપાલી બેનર્જી સિંઘ, ડાંગ જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભાવિન પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજાના નેજા હેઠળ આ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ.આ કેમ્પમા બાળકોને લગતા પ્રશ્નો જેવા કે, બાળકોના શિક્ષણને લગતા પ્રશ્નો, ઝૂંઝજી ના મકાન બાંધકામ અને પોષણ આહાર, દિવ્યાંગ બાળકોના સર્ટીફિકેટ, પોક્સો, બાળકોના એકાઉન્ટને લગતા, જાતિના દાખલા અંગે, ડિઆરડીઓ, જંગલ વિભાગ, વિધવા સહાય વેગેરે કુલ ૧૦૫ પ્રશ્નોનુ નિરાકરણ લાવવામા આવ્યુ હતુ.આહવાના ડાંગ દરબાર હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમનુ આયોજન જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા આયોજિત કરવામા આવ્યુ હતુ. કાર્યક્રમમા મહેમાનોનુ સ્વાગત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી જિગ્નેશ ચૌધરી તથા કાર્યક્રમના અંતે આભાર વિધી જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી ચિરાગ જોષીએ આટોપી હતી.

નરેન્દ્ર પવાર,ડાંગ

# નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ગુનાખોરીમાં ઘટાડો નોંધાયો

**મહિલાઓ વિરુદ્ધના ગુનામાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૨.૧, જે ઓલ ઇન્ડિયા ક્રાઇમ રેટ ૬૪.૫ કરતા ઘણો ઓછો**

**હિંસાત્મક ગુનાઓમાં ક્રાઇમ રેટ (૧૧.૯) એ દેશના ક્રાઇમ રેટ (૩૦.૨) કરતા ઓછો**

**અપહરણના કિસ્સાઓમાં પાંચ વર્ષના ક્રાઇમ રેટમાં સતત ઘટાડો નોંધાયો**

**શરીર વિરુદ્ધના ગુનાઓના રેટમાં ગુજરાત દેશમાં ૩૧મા ક્રમાંકે**

**કાયદામાં જરૂરી સુધારા અને ટેક્નોલોજીના ઉપયોગથી સુધારો નોંધાયો**

National Crime Records Bureau
Ministry of Home Affairs

નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરો દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુના સંબંધિત માહિતી એકઠી કરીને દર વર્ષે 'ક્રાઇમ ઇન ઇન્ડિયા'નામની પુસ્તિક બહાર પાડવામાં આવે છે. તેમાં એક લાખની વસ્તી સામે કેટલા ગુના નોંધાય છે, તે ગુનાનો દર (ક્રાઇમ રેટ) જણાવવામાં આવે છે. 'ક્રાઇમ ઇન ઇન્ડિયા ૨૦૨૧'ના આંકડાં અનુસાર, ગુજરાતમાં વિવિધ પ્રકારના ગુનામાં રાષ્ટ્રીય આંકડાની સરખામણીએ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તેની પાછળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા લેવામાં આવેલા નોંધપાત્ર કાયદા સુધારા અને મક્કમ નેતૃત્વ કારણભૂત છે.

હિંસાત્મક ગુનાઓ, જેવા કે હત્યા, હત્યાનો પ્રયત્ન, બળાત્કાર, અપહરણ, લૂંટ વગેરે ગુનાઓમાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૧૧.૯ છે, જે સમગ્ર દેશના ક્રાઇમ રેટ ૩૦.૨ કરતા ઘણો ઓછો છે. તે સિવાય વર્ષ ૨૦૨૧માં ગુજરાતમાં ખૂનનો ક્રાઇમ રેટ ૧.૪ છે, જે ઓલ ઇન્ડિયા ક્રાઇમ રેટ ૨.૧ કરતા ઓછો છે. અપહરણના ગુનાઓનો ક્રાઇમ રેટ ગુજરાતમાં ૨.૩ છે, જે ઓલ ઇન્ડિયાના ક્રાઇમ રેટ ૭.૪ કરતા ઓછો છે. ગુજરાતમાં અપહરણના ગુનાના ક્રાઇમ રેટનો ટ્રેન્ડ જોઇએ, તો પાછલા વર્ષોની સરખામણીએ સતત ઘટાડો નોંધાયો છે. તેના આંકડા આ પ્રમાણે છે- ૨૦૧૮ (૩.૦), ૨૦૧૯ (૨.૭) અને ૨૦૨૧ (૨.૩). મહિલાઓ વિરુદ્ધના ગુનામાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૨.૧ છે, જે ઓલ ઇન્ડિયા ક્રાઇમ રેટ ૬૪.૫ કરતા ઘણો ઓછો છે. અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જેવા કે આસામ (૧૬૮.૩), દિલ્હી (૧૪૭.૬), તેલંગાણા (૧૧૯.૭), રાજસ્થાન (૧૦૫.૪), પશ્ચિમ બંગાળ (૭૪.૬), કેરળ (૭૩.૩) અને આંધ્રપ્રદેશ (૬૭.૨) ની સરખામણીએ ગુજરાતમાં મહિલા વિરુદ્ધના ગુનાઓનો દર ખૂબ જ ઓછો છે.

બીજો એક નોંધપાત્ર સુધારો શરીર વિરુદ્ધના ગુનાઓ ( ખૂન, ખૂનનો પ્રયત્ન, ગંભીર, ઈજા, બળાત્કાર વગેરે ) માં ઓલ ઇન્ડિયા ક્રાઇમ રેટ ૮૦.૫ની સરખામણીએ ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૮.૬ રહ્યો છે. આ ગુનાના ક્રાઇમ રેટમાં કુલ ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત ૩૧મા ક્રમાંકે છે. ચોરીના ગુનામાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૧૫.૨ છે, જે ઓલ ઇન્ડિયા ક્રાઇમ રેટ ૪૨.૯ કરતા ઘણો ઓછો છે. યાદીમાં ગુજરાત ૨૭મા ક્રમાંકે છે.

કાયદા સુધારા અને ટેક્નોલોજીનો ઉપયોગથી પરિણામરાજ્યમાં નવા કાયદાઓ ઘડવામાં આવ્યા છે અને જૂના કાયદાઓમાં સુધારા કરવામાં આવ્યા છે. પૅન્ઝર્ડ્ઝ, જમીન પચાવી પાડવા વિરુદ્ધના કાયદા, ક્રિમિનલ અમેન્ડમેન્ટ ઍક્ટમાં ફાંસીની સજા સુધીની જોગવાઇ, ચેઇન સ્નેચિંગ, હ્યુમન ટ્રાફિકીંગ વગેરે જેવા કાયદાઓમાં સજાના ધોરણોમાં વધારો વગેરેને કારણે ગુનેગારોમાં ભય વધ્યો છે, જેના પરિણામે ગુનાઓમાં ઘટાડો થયો છે.

તે સિવાય પોલીસ વિભાગ દ્વારા ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ તમામ જિલ્લાઓમાં ૭ હજારથી વધુ સીસીટીવી કેમેરા કાર્યરત છે. ૪૧ શહેરોમાં વાહનચાલકોને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ ઇ-ચલણ ઇશ્યૂ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તે સિવાય પોકેટકોપ, ઇ-ગુજકોપ, ડ્રોન કેમેરાના ઉપયોગથી અને ૧૦૯૧ મહિલા હેલ્પલાઇન, ૧૮૧ અભયમ હેલ્પલાઇન, ૧૦૯૬ જીવન આસ્થા હેલ્પલાઇન, ૧૦૦ પોલીસ હેલ્પલાઇન અને ૧૦૯૫ ટ્રાફિક હેલ્પલાઇન દ્વારા નાગરિકોની સુવિધામાં વધારો થયો છે અને ગુનાઓને નાથવામાં સહાયતા મળી છે.

# કાકદેવે બોરોસિલના ડિનરસેટમાં શ્રાધ્ધ સર્વ કરવાની ડીમાન્ડ કરી!

"કા કા કા" એક કાગદેવતા તેમની મધુર વાણીથી મારું ધ્યાન આકર્ષિત કરવાની કોશિશ કરી રહ્યા હતા.મેં એમની કાકવાણીની અવગણના કરી તો તેમણે મને ફટ દઇને ચાંચ મારી.

ભાદરવાની પૂનમથી શ્રાધ્ધપક્ષ ચાલે છે. મારી સન્મુખ છે તે કદાચ મારા તૃપ્ત, અતૃપ્ત કે સંતૃપ્ત પિતૃ હોઇ શકે. શ્રાદ્ધ અંગે મહત્વની સૂચના આપવા ઇચ્છતા હોય!!

"બોલો ,કાગ મહારાજ."મેં હાથ જોડી કહ્યું.

" કા કા કા હુ તારો પિતૃ છું." તેણે કહ્યું

" પિતૃ હોવાનો કોઇ આધાર ?મેં તેમના કાળા ચરણને હાથ અડકાડી પ્રણામ કર્યા.

"કા કા કાપ આ લે આધાર!" એમ કહી પાંખ નીચેથી આધાર કાર્ડ અને ટ્રાવેલ પરમિટ કાઢી. તેનો મારા તરફ ઘા કર્યો.આધાર કાર્ડમાં આરએમપી લખેલ!

"આ આરએમપી એટલે શું?" મેં પૂછયું.

" આરએમપી એટલે રામજી મગનજી પટેલ." કાકદેવે જવાબ આપ્યો!

" પિતૃદેવ અત્રે આવવાનું વિશેષ પ્રયોજન?" અમે પૂછયું.

"યસ, ડયુડ! કાલ ત્યારે ત્યાં શ્રાધ્ધ છે" એણે આગમનનું પ્રયોજન જણાવ્યું!!

"હા. કોઇ વિશેષ માંગ હોય તો જણાવશો!" અને વિનીતભાવે કહ્યું!!

" તારા ધરમાં મારો ફોટો ( માત્ર નેગેટીવમાં કાગ મહારાજ દેખાઇ શકે!!) લગાવ્યો નથી. હુ પિશાચિની સિરીયલની જેમ તારું ધનોતપનોત કાઢી નાંખીશ" કર્કશ અવાજે ધમકી આપી.

" ભૂલ થઇ ગઇ ક્ષમાયાચના માંગું છું મિચ્છામિ દુકકડમ!" મેં કહ્યું

" જા, જા માફ કર્યો" ભિખારીને ભીખ આપતા હોય તેવા સ્વેગથી તેણે માફી આપી.

" જો આપણને ખીરપુરીમાં રસ નથી. કોરું શ્રાધ્ધ નહીં ખપે" કાકદેવે સ્પષ્ટતા કરી.

" શ્રાધ્ધ સાથે મિનરલ વોટર બોટલ મુકશું.મિલ્ક શેઇક કે કોકાકોલા પણ મુકીશું." અમે વચન આપ્યું.

" અરે ડફોળ . સાવ બુધ્ધું જ રહ્યો. હું ગળું ભીનું કરવા મદિરાપાનની વાત કરૂં છું." કાકદેવતા ગુસ્સે થઇને બોલ્યા.

" અમારું ગુજરાત ડ્રાય સ્ટેટ છે. મારી પાસે હેલ્થ કે એવા ગ્રાઉન્ડની લિકર પરમિટ નથી!" મે લાચારી વ્યક્ત કરી.

" કયા યુગમાં જીવે છે વેદિયા? તારા પિતૃ હોવાની શરમ આવે છે. આ વોટસએપ નંબર. નંબર લગાડીને હોમ ડિલિવરીથી શિવાજી રીગલ અને બાઈટીંગ મંગાવી રાખજે" કાકદેવે હુકમ કર્યો.

હું હતપ્રભ થઇ ગયો. મારા પિતૃ આવા માથાભારે અને રીબેલિયન હશે તેની મને કલ્પના ન હતી!?" અરે, સાંભળ ! શ્રાધ્ધ સ્ટીલના ઠોબરામાં સર્વ ના કરીશ. મને કોરોલ,લા ઓપેલા કે બોરોસિલના ડિનરસ્ટમાં લંચ કરવાની આદત છે, યુ નો!" પાછી નવી ડીમાન્ડ .

" ઓકે." અમારો જવાબ.

" યુ સી. અમારું સ્ટેટસ હાઇ છે. સદાવ્રતમાં જમાડે તેમ અગાસી કે ધાબા પર પંગત ભોજન , આઇ ડિસલાઇક. આઇ વિલ પ્રિફર ટુ હેવ લંચ ઓન ડાઇનિંગ ટેબલ ઇન યોર સ્વિટ હોમ. ડુ યુ ગોટ માય પોઇન્ટ??" શંકાથી કાગ મહારાજે પૂછયું .

" તમારી ડીમાન્ડ કર્મચારીઓની જેમ વધતી જાય છે! બીજું કંઇ બાકી હોય તો બોલો." મેં ગુસ્સો થૂંકીને પૂછયું.

" મને આવવા-જવાનું માઇલેજ, એકોમોડેશન આરટીજીએસથી આપવું પડશે. એર ફલાઇટનો રેટઆપવો પડશે!!" આતંકવાદી જેવી માંગણી કરી.

" આના કરતાં હું ખીજડાના વૃક્ષે આવીને શ્રાધ્ધપ્રાશન કરાવી જઉં તો ??" કાગદેવની પિરાણા ડુંગર જેવી માંગણીના લિસ્ટથી કંટાળીને પૂછયું.

ફડાક ફડાક ફડાક મોગેમ્બો સમાન કાકદેવે ચાંચ પ્રહાર કર્યા.

હું પલંગ પરથી ધડામ દઇને પડ્યો અને પિતૃદેવ સાથેનો સંવાદ વાદવિવાદ તૂટ્યો!!!

ભરત વૈષ્ણવ
૧૬.૯.૨૦૨૨.

આરજૂ

વધારે વખત ન તડપાવો,
વધારે વખત ન ટટળાવો.
અમાસ મહિને એક વાર,
રોજ અમાસો ન લંબાવો.
ગ્રહણ અમાસ કે પુનમે,
રોજ ગ્રહણો ન બનાવો.
વાદળમાં ચાંદ છુપાય છે,
એને કાયમી ન બનાવો.
મુખ દર્શનની તીવ્ર આશ છે,
કોરોનાને બહાનું ન બનાવો.
એને મુખ દેખાડવાની હોશ છે,
જરૂર છે થોડી હિંમત જતાવો.
વાદળમાં રૂપેરી કોર જેવું છે,
પોષના ચંદ્રની પૂનમ બતાવો.
સખી વધુ રાહ જોવાશે નહીં,
મુખ દેખાડી પારણા કરાવો.
માસ્ક હટાવી મુખ બતાવો,
મુખદર્શનની ભૂખ ભંગાવો!!

ભરત વૈષ્ણવ
૧૬.૯.૨૦૨૧# કવિતા

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ સહિત સમગ્ર ભારતમાં સેવા પખડવાડિયા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યો યોજાશે

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને જેમણે આત્મનિર્ભર ભારત,લોકલ ફોર વોકલ અને મેક ઇન ઇન્ડિયા થકી દેશને મજબૂત કરવાની દિશા આપનાર પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો ૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી ગુજરાત સહિત સમગ્ર ભારતમાં સેવા પખડવાડિયા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યો યોજાનાર છે તે અંગે માહિતી પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાએ પત્રકારશ્રીઓને આપી. શ્રી ગોરધનભાઇ ઝડફીયાજીએ માહિતી આપતા જણાવ્યું કે,ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર તેમના કોઇ પણ શુભ દિવસે સેવાકીય કાર્યકરતો હોય છે ત્યારે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે એક સેવા પખવાડિયા અંતર્ગત વિવિધ સેવાકિય કાર્ય ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા કરવામાં આવશે. સમગ્ર દેશભરમાં ભાજપ દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે સેવા પખવાડીયા થકી સેવાકીય કાર્યો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ગોરધનભાઇએ કાર્યક્રમોની વધુ માહિતી આપતા જણાવ્યું કે, ૧૭ સપ્ટેમ્બરના રોજ ૫૭૯ મંડલમાં બલ્ડ ડોનેશન કેમ્પ યોજી વિશ્વરેકોર્ડ બનાવવામાં આવશે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનાજુદા-જુદા પેઇન્ટીંગ દુબઇના ચિત્રકાલાકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે તે ચિત્રોની પ્રદર્શની રવિશંકર આર્ટ ગેલેરી ખાતે રાજ્યના મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ખુલ્લી મુકાશે. આ ગેલેરીનું પ્રદર્શન અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે પણ રાખવામાં આવનાર છે. ૨૦મી સપ્ટેમ્બરના રોજ કિસાન મોરચા દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીની ઉપસ્થિતિમાં તમામ ૧૮૨ વિધાનસભા બેઠકને આવરીલેતા નમો કિસાન પંચાયત કાર્યક્રમ રાજયના આશરે ૧૪ હજારથી પણ વધુ ગામોમાં ૩૦ તારીખ સુધી બેઠકો યોજવામાં આવશે.

### હિંદુ દેવતાઓની ઠેકડી ઉડાડનારું ટ્રેલર

# પ્રદર્શિત થાય ત્યાં સુધી શું 'સેન્સર બોર્ડ' સૂઈ ગયું હતું ?

'થેંક ગોડ' ચલચિત્ર પ્રતિબંધિત કરો; હિંદુ દેવતાઓની ઠેકડી સહન કરીશું નહીં ! - હિંદુ જનજાગૃતિ સમિતિ દ્વારા ચેતવણી

અભિનેતા અજય દેવગણની મુખ્ય ભૂમિકા રહેલું 'થેંક ગોડ' ચલચિત્રનું ટ્રેલર હમણા જ યુ-ટ્યૂબ પર પ્રદર્શિત થયું છે. આ ચલચિત્રમાં પ્રત્યેકનો પાપ-પુણ્યનો લેખા-જોખા કરનારા 'ચિત્રગુપ્ત' દેવતા અને મૃત્યુ પછી આત્માને લઈ જનારા 'યમદેવતા'ને આધુનિક સ્વરૂપમાં દર્શાવ્યા છે. તેમના મોઢે નાખી દેવા જેવા વિનોદ આપ્યા છે. અભિવ્યક્તિ સ્વતંત્રતાના નામ હેઠળ હિંદુ ધર્મમાંના ચિત્રગુપ્ત અને યમદેવતાની ઠેકડી અમે કદાપિ સહન કરીશું નહીં. શું સેન્સર બોર્ડ આ ટ્રેલર પ્રદર્શિત થાય ત્યાં સુધી સૂઈ ગયું હતું ? સેન્સર બોર્ડે આ ચલચિત્રને પ્રમાણપત્ર આપવો નહીં, અન્યથા અમે રસ્તે ઉતરીને તેનો વિરોધ કરીશું, એવો સંકેત આપતી વેળાએ જ, રાજ્ય તેમજ કેંદ્રિય ગૃહમંત્રાલયે ધાર્મિક ભાવનાઓ દુખાવનારા આ ચલચિત્રને પ્રતિબંધિત કરવું, એવી માગણી હિંદુ જનજાગૃતિ સમિતિએ કરી છે.

આ ચલચિત્ર દ્વારા હિંદુઓની ધાર્મિક સંકલ્પના અને દેવતાઓની ઠેકડી ઉડાડીને હિંદુઓની ધાર્મિક ભાવનાઓ દુભવવામાં આવી છે. આ ચલચિત્રનાં કેટલાક દશ્યો અને સંવાદ જ ઉજાગર થયાં છે. પ્રત્યક્ષમાં સંપૂર્ણ ચલચિત્રમાં વધારે વાંધાજનક સંવાદ હોવાની શક્યતા નકારી શકાય નહીં.

આ ચલચિત્રમાં અજય દેવગણને સુટ-બુટ પહેરેલો મૉડર્ન 'ચિત્રગુપ્ત' બતાવવામાં આવ્યો છે અને યમદૂતને 'વાય.ડી.' (YD) આ રીતે નામનો અપભ્રંશ કરીને સંબોધવમાં આવ્યો છે. હિંદુ ધર્મશાસ્ત્ર અનુસાર એકાદ વ્યક્તિનું મૃત્યુ થયા પછી ચિત્રગુપ્ત તેના પાપ-પુણ્યનો હિસાબ કરે છે. એમ હોવા છતાં પણ આ સંકલ્પનાને તોડી-ફોડીને સિદ્ધાર્થ મલ્હોત્રા આ અભિનેતાનું મૃત્યુ ન થયું હોવા છતાં તેને ચિત્રગુપ્તના દરબારમાં લઈ ગયેલો બતાવવામાં આવ?યું છે. ત્યાં ચિત્રગુપ્ત તેની સાથે 'ગેમ ઓફ લાઈફ' રમતો હોવાનું બતાવ્યું છે. સરવાળે હિંદુ ધર્મમાંની એક ઉદાત્ત સંકલ્પનાને 'કોમેડી'ના નામ હેઠળ ભૂલભરેલી અને વાંધાજનક પદ્ધતિથી દર્શાવીને તેની ઠેકડી ઉડાડવામાં આવી છે.

આ પહેલાં પણ 'પીકે', 'ઓ માય ગોડ', 'સિંઘમ રિટર્નસ', 'તાંડવ' જેવાં અનેક ચલચિત્રો અને વેબ સિરીજ દ્વારા હિંદુ ધર્મ, દેવતા, સાધુસંતોને લક્ષ કરવામાં આવ્યા. હિંદુઓની પ્રથા-પરંપરાઓ વિશે રમૂજ કરીને તે વિશે ઘૃણા નિર્માણ કરવામાં આવે છે.

આ બધું રોકવા માટે કેંદ્ર સરકારે તુરંત કઠોર કાયદો કરવાની આવશ્યકતા છે. તેમજ સેન્સર



બોર્ડમાં પણ ધાર્મિક પ્રતિનિધિઓ હોવા જોઈએ, જે ધાર્મિક ભાવનાઓનું અપમાન થાય નહીં, તે બાબતે કાળજી લેશે, એવી માગણી પણ હિંદુ જનજાગૃતિ સમિતિએ કરી છે.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ?ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
(સંપર્ક : ૯૯૮૭૯ ૬૬૬૬૬)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK